# દેશમાં કોરોના બેકાબુ : નવા ૯૭,૫૭૦ કેસ

## ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૮૧૫૩૩ લોકો કોરોનાથી સ્વસ્થ થયા, કોરોનાનો રિકવરી રેટ ૭૭.૭૭ ટકા, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ કોરોનાથી ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશમાં રોજેરોજ કોરોનાના નવા કેસ રેકોર્ડ બનાવી રહ્યા છે, ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં સાજા થનારાનો પણ હવે નવો રેકોર્ડ બન્યો છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૮૧,૫૩૩ લોકો સાજા થયા છે. જેમાંથી ૬૦ ટકા મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્ર, કર્ણાટક અને યુપી એમ કુલ પાંચ રાજ્યોના છે.

દેશમાં સાજા થયેલા દર્દીઓનો કુલ આંકડો હવે ૩૬,૨૪,૧૯૬ પર પહોંચ્યો છે. અત્યારસુધી દેશમાં કુલ ૪૬,૫૯,૯૮૪ કેસો નોંધાયા છે. જેમાંથી ૭૭.૭૭ ટકા દર્દીઓ સાજાં થઈ ગયાં છે. આમ, કુલ નોંધાયેલા કેસમાં હાલ ૨૨.૩૩ ટકા દર્દીઓ જ સારવાર હેઠળ છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૭,૫૭૦ નવા કેસ નોંધાયા છે. જેમાં ૨૪,૦૦૦ કેસ માત્ર મહારાષ્ટ્રના છે. આંધ્ર અને કર્ણાટકના સંયુક્ત કેસનો આંકડો ૯૦૦૦ થાય છે. ૨૪ કલાકમાં જે નવા કેસ નોંધાયા છે, તેમાંથી ૬૦ ટકા કેસ પાંચ રાજ્યોમાં સામે આવ્યા છે. આ ઉપરાંત, દેશના કુલ કેસોમાં પણ આ પાંચ રાજ્યોના કેસોની સંખ્યા જ સૌથી વધુ છે. જેમાં મહારાષ્ટ્રમાં ૧૦,૧૫,૬૮૧, આંધ્રમાં ૫,૪૭,૬૮૬, તમિલનાડુમાં ૪,૯૧,૫૭૧, કર્ણાટકમાં ૪,૪૦,૪૧૧ જ્યારે ઉત્તરપ્રદેશમાં અત્યારસુધી નોંધાયેલા કેસોનો સરવાળો ૨,૯૯,૦૪૫ થાય છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાને કારણે ૧,૨૦૧ લોકોના મોત થયા છે. જેમાં ૪૪૨ લોકો માત્ર મહારાષ્ટ્રમાં મોતને ભેટ્યા છે. આ સિવાય કર્ણાટકમાં ૧૩૦ લોકોના મોત થયા છે. દેશમાં નોંધાયેલા છેલ્લા ૨૪ કલાકના કુલ મૃત્યુમાં ૬૯ ટકા મોત સૌથી વધુ કેસ ધરાવતા ટોચના પાંચ રાજ્યોમાં નોંધાયા છે. અત્યારસુધી મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૨૮,૭૨૪ લોકોના મોત થયા છે. ત્યારબાદ તમિલનાડુ ૮,૨૩૧ મૃતકો સાથે બીજા નંબરે, કર્ણાટક ૭,૦૬૭ સાથે ત્રીજા નંબરે, આંધ્રપ્રદેશ ૪,૭૭૯ લોકોના મોત સાથે ચોથા નંબરે અને દિલ્હી ૪,૬૮૭ લોકોના મોત સાથે પાંચમા નંબરે છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૮૭૨૮૪૬૦ | ૯૨૦૯૦૫ | ૨૦૬૪૫૫૪૫ |
| ભારત | ૪૭૦૯૯૦૧ | ૭૭૯૮૭ | ૩૬૬૮૧૫૭ |
| ગુજરાત | ૧૧૨૩૩૬ | ૩૧૯૮ | ૯૨૯૦૫ |
| ગાંધીનગર | ૨૮૭૨ | ૧૫૬ | ૨૩૫૬ |

# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૬૫ કેસ

## છેલ્લાં ૨૪ કલાકમાં ૧૫ લોકોનાં મોત થયા : અત્યાર સુધીમાં ૩૧૯૮ લોકોના મૃત્યુ થયા, ૯૨૮૦૫ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૯૦ લોકો વેન્ટીલેટર ઉપર છે

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૪,૭૮૧ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૬૫ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧,૧૨,૩૩૬ થયો છે. રાજ્યમાં આજે ૧૫ દર્દીના મોત કોરોનાને લીધે થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૧૯૮ થયો છે. રાજ્યમાં આજે ૧૩૩૫ દર્દી સાજા થયા હતા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૯૨ હજારને પાર થઈ ૯૨,૮૦૫ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ એક્ટિવ કેસ ૧૬૩૩૩ થયો છે. જેમાં ૯૦ વેન્ટીલેટર પર અને ૧૬૨૪૩ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાના કેસો માં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. સપ્ટેમ્બર મહિનાના ૧૨ દિવસમાં દસ દિવસ કોરોના પોઝિટિવનો આંકડો ૧૩૦૦ને પાસ જઈ રહ્યો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૫ જણાના મોત નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૪ અને જિલ્લામાં ૧, ભાવનગર કોર્પોરેશનમાં ૧ અને ભાવનગર જિલ્લામાં ૧, ગીર સોમનાથ, ગાંધીનગર, રાજકોટ શહેર અને જિલ્લા, વડોદરા શહેર માં ૧-૧ મોત નોંધાયા છે. અમદાવાદમાં આજે ૧૫૩ અને જિલ્લાના ૨૨ સાથે ૧૭૫ કોરોનાના કેસ નોંધાયા છે. આજે અમદાવાદ શહેરમાં ૩ મોત સાથે કુલ મૃત્યુઆંક અમદાવાદમાં ૧૭૫૫ નોંધાયા છે. સુરત શહેરમાં કોરોના આજે ૧૭૩ અને જિલ્લામાં ૧૦૫ સાથે ૨૭૮ કેસ નોંધાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો શહેરમાં ૨૩૯૮૫ છે. જ્યારે આજે ૫ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૯૨ થયો છે. વડોદરા શહેરમાં ૮૪ અને જિલ્લામાં ૩૯ સાથે ૧૨૩ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૯૬૯૪ પહોંચ્યો છે. આજે ૧ મોત નોંધાતા કોરોનાના કુલ મૃત્યુઆંક ૧૪૯ પર પહોંચ્યો છે. રાજકોટ શહેરમાં ૯૫ અને જિલ્લામાં ૫૧ સાથે કોરોનાના ૧૪૬ કેસ નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૫૪૬ પહોંચ્યો છે. આજે વધુ ૨ મોત સાથે રાજકોટમાં કુલ મૃત્યુઆંક ૧૦૯ થયો છે.

# આજે ૧૫ લાખ ઉમેદવારો નીટની પરીક્ષા આપશે

### કોરોના કાળમાં નિયંત્રણો વચ્ચે પરીક્ષા : કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ માટેની પહેરવેશ સહિતની માર્ગદર્શિકા બહાર પડાઈ

એનઈઈટી યુજી પ્રવેશ પરીક્ષા આવતીકાલે એટલે કે ૧૩ સપ્ટેમ્બરના રોજ દેશભરમાં

લેવામાં આવશે. આ પરીક્ષામાં ૧૫ લાખ ઉમેદવારો ભાગ લેવાના છે. કોરોના આ સમયગાળામાં આ પરીક્ષા માટે ઉમેદવારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સંદર્ભમાં, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં પરીક્ષા લેવા માટે સુધારેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ કાર્યવાહી (એસઓપી) જારી કરી છે. આ એસ.ઓ.પી. અંતર્ગત પરીક્ષા લેવામાં આવશે. નીટ૨૦૦ માટે સરકારે બહાર પાડેલી માર્ગદર્શિકા અનુસાર વિદ્યાર્થીઓને માસ્ક પહેરવાની જરૂર રહેશે. આ સિવાય તે ગ્લોવ્સ અને ફેસ શિલ્ડ પણ પહેરી શકે છે. વિદ્યાર્થીઓએ પાણીની બોટલ અને સેનિટાઇઝર લાવવું પડશે. ઉમેદવારોને હવામાન પ્રમાણે હલકા રંગના કપડાં પહેરવાની છૂટ છે. જીન્સ, સલવાર શૂટ, કુર્તા, લાંબા સ્કર્ટ, ટ્રાઉઝર, ટી-શર્ટ, શર્ટ એ બધું પહેરવાની ઉમેદવારોને મંજૂરી છે. ફુલ સ્લીવ શર્ટ, મોટા બટનવાળા કપડા પહેરી શકશે નહીં.

આ સિવાય કોઈપણ ઉમેદવાર બૂટ નહીં પહેરી શકે, ઉમેદવારોએ પરીક્ષામાં ખુલ્લા પગે સેન્ડલ અથવા ચંપલ પહેરવા પડશે. પરીક્ષામાં ઘરેણાં પહેરવાની મંજૂરી નથી. ધાર્મિક રિવાજ હેઠળ, ઉમેદવારોને ફક્ત થોડા ઘરેણાં પહેરવાની મંજૂરી મળી શકે છે. આ માટે ઉમેદવારોએ ચેકિંગ માટે વહેલા સેન્ટર પર પહોંચવું પડશે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ઘડિયાળ, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક ગેજેટ, ભૂમિતિ અથવા પેન્સિલ બોક્સ, કોઈપણ પ્રકારના કાગળ, સ્ટેશનરી, મોબાઈલ ફોન, માઈક્રોફોન, પેજર, કેલ્ક્યુલેટર, લોગ ટેબલ, કેમેરા, ટેપ રેકોર્ડર, ઈલેક્ટ્રોનિક ઘડિયાળ પહેરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

## હિંમતનગર એસટી ડિવીઝનના ૯ ડેપોમાં કોરોના પોઝીટીવના ૨૫ કેસ

### હિંમતનગર ડેપોમાં ૭ કર્મચારીઓ સંક્રમીત

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસના દર્દીઓ ઉત્તરોત્તર વધી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્ય એસટી નિગમ સંચાલિત હિંમતનગર ડિવીઝનના તાંબામાં આવતા ૦૯ ડેપોમાં કામ કરતા કર્મચારીઓની આરોગ્ય તપાસણી કરતા ૨૫ કર્મચારીઓના રીપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યા છે. દરમિયાન શનિવારે આરોગ્ય વિભાગના સહકારથી હિંમતનગર ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓની કરાયેલી આરોગ્ય તપાસણીમાં કોરોના પોઝીટીવના ૦૭ કેસ પ્રકાશમાં આવતા અન્ય કર્મચારીઓમાં ભયની લાગણી ફેલાઈ છે.

આ અંગે એસટીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય એસટી નિગમ સંચાલિત બસોમાં રોજબરોજ અનેક મુસાફરો મુસાફરી કરે છે તે સ્વાભાવીક છે. જેના લીધે એસટીના કર્મચારીઓ તેમના સંપર્કમાં આવે છે. દરમિયાન અત્યારે ચાલી રહેલી કોરોના મહામારીને લઈને એસટી નિગમ દ્વારા તેમના કર્મચારીઓની આરોગ્ય તપાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત બે દિવસમાં હિંમતનગર એસટી ડિવીઝન સંચાલિત ૦૯ ડેપોના મળી ૮૯૩ કર્મચારીઓની સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૨૫ કર્મચારીઓના રીપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યા છે.

ત્યારબાદ સંક્રમીત થયેલા આ કર્મચારીઓને હોમ કોરન્ટાઈન થવા માટે આદેશ કરાયા છે. હિંમતનગર એસટી ડિવીઝનના તાંબામાં આવતા બાયડ, મોડાસા, ભિલોડા, હિંમતનગર, ઈડર, માણસા, વિજાપુર અને પ્રાંતિજ સહિત અન્ય એક ડેપોના મળી જે ૮૯૩ કર્મચારીઓની તપાસ કરાયા બાદ જે વિસ્ફોટ થયો છે તેના પરથી નિગમના કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

## જેઈઈ મેઈનનું પરિણામ જાહેર : ૨૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા

### જેઈઈ મેઈનના ગઈકાલે મોડીરાત્રે જાહેર કરાયેલા પરિણામમાં ચોવીસમાંથી એક ઉમેદવાર ગુજરાતનો છે

નવી દિલ્હી,તા.૧૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા શુક્રવારે મોડી રાત્રે જાહેર કરવામાં આવેલા ફાઈનલ મેરિટ લિસ્ટ પ્રમાણે, એન્જિનિયરિંગ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે આ વર્ષે લેવાયેલા જેઈઈના પેપર ૧માં ૨૪ ઉમેદવારોએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. આ જાન્યુઆરી અને સપ્ટેમ્બરમાં લેવામાં આવેલી પરીક્ષામાં ઉમેદવારોના પર્ફોર્મન્સ પર આધારિત છે. ટોપ ૨૪માંથી ૮ ઉમેદવારો તેલંગાણાના છે, જ્યારે પાંચ દિલ્હીના, ચાર રાજસ્થાનના, ત્રણ આંધ્રપ્રદેશના, ૨ હરિયાણાના અને એક-એક ગુજરાત તેમજ મહારાષ્ટ્રના છે. જેઈઈ જાન્યુઆરીમાં અને ૧થી ૬ સપ્ટેમ્બર દરમિયાન લેવામાં આવી હતી, મહામારીના કારણે બીજો રાઉન્ડ બેવાર મુલતવી રાખવામાં આવ્યો હતો.

પેપર ૧ આઈઆઈટીના બીટીચ-બીઈ પ્રોગ્રામ, એનઆઈટી અને સેન્ટ્રલી-ફંડેડ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂશન્સમાં એડમિશન લેવા માટે હોય છે. જ્યારે પેપર-૨ બી અર્ચમાં કોર્સિસમાં એડમિશન લેવા માટે હોય છે, જેનું પરિણામ હજુ જાહેર થવાનું બાકી છે. જેઈઈ પેપર-૧ અને પેપર-૨ના પરિણામના આધારે, ટોપ ૨.૪૫ લાખ ઉમેદવારો ૨૩ પ્રીમિયર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ માટે જેઈઈ (એડવાન્સ)માં ઉમેદવારી નોંધાવી શકશે. જેઈઈ (એડવાન્સ) ૨૭ સપ્ટેમ્બરે લેવામાં આવશે. કોવિડ-૧૯ મહામારીના કારણે સુરક્ષાના પગલા વચ્ચે પરીક્ષાનો બીજો રાઉન્ડ લેવામાં આવ્યો હતો. આ પગલામાં ઉમેદવારો પાસે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવું, માસ્ક અને સેનિટાઈઝરની વહેંચણી અને કાઉન્ટર્સ પર ડોક્યુમેન્ટ્સનું કોન્ટેક્સ-લેસ વેરિફિકેશનનો સમાવેશ થાય છે. રૂમ દીઠ ઓછા ઉમેદવારોની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હોવાથી પરીક્ષા કેન્દ્રોની સંખ્યા વધારી દેવામાં આવી હતી. જેઈઈ (મેઈન) અને નીટને સ્થગિત કરવા માટે ઘણા લોકોએ માગણી કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે આ બધી અરજીઓને તેમ કહીને ફગાવી દીધી કે વિદ્યાર્થીઓનું એક વર્ષ બગાડી શકાય નહીં.

## ટ્રાયલને મંજુરી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત બાયોટેકે ૨૦ વાંદરાઓના ચાર સમૂહો પર રિસર્ચ કર્યું છે. એક ગ્રુપને પ્લેસીબો આપવામાં આવી જ્યારે બાકી ત્રણ ગ્રુપને ત્રણ અલગ-અલગ પ્રકારની વેક્સીન પહેલા અને ૧૪ દિવસ બાદ આપવામાં આવી. બીજો ડોઝ આપ્યા બાદ, તમામ વાંદરાઓને જીછઈજી-ઝ્ફ-૨ એ એક્સપોઝ કરવામાં આવ્યાં. વેક્સીનનો પ્રથમ ડોઝ આપ્યાના ત્રીજા સપ્તાહથી વાંદરાઓમાં કોવિડ પ્રત્યે રેસ્પાંસ ડેવલપ થવાનું શરૂ થઈ ગયું હતું. વેક્સીન લેનારા કોઈ પણ વાંદરામાં ન્યુમોનિયાના લક્ષણ નથી મળ્યાં.

કોવેક્સિનને ઈન્ડીયન કાઉન્સીલ ઑફ મેડિકલ રિસર્ચ—નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ વાયરલોજી અને ભારત બાયોટેકે મળીને ડેવલપ કરેલ છે. ભારત બાયોટેકે ૨૯ જૂનના રોજ જાહેરાત કરી હતી કે, તેને વેક્સીન તૈયાર કરી લીધી છે.

આઈસીએમઆર—ભારત બાયોટેકની કોવેક્સિન એક 'ઈનએક્ટિવેડ' વેક્સીન છે. તે એવાં કોરોના વાયરસના પાર્ટિકલ્સથી બનેલી છે કે જેને મારી દેવામાં આવ્યા હતાં કે જેથી તે ઈન્ફેક્ટ ન કરી શકે. કોવિડનું આ સ્ટ્રેન પુણેની કોવેક્સિન લેબમાં આઈસોલેટ કરવામાં આવ્યો હતો. તેના ડોઝથી શરીરમાં વાયરસ વિરૂદ્ધ એન્ટીબોડીઝ બને છે.

ભારતમાં બનેલી પ્રથમ કોરોના વેક્સીન કોવેક્સિનનો ફેઝ ૧ ટ્રાયલ ૧૫ જુલાઈ ૨૦૨૦થી શરૂ થયો હતો. દેશભરમાં ૧૭ લોકેશન્સ પર ફેઝ ૧ ટ્રાયલ થયાં. કોવેક્સિન ટ્રાયલની તમામ માહિતી કોવેક્સિન ને મોકલવામાં આવશે. જ્યારે ડેટાને એનલાઈઝ કરવામાં આવી રહેલ છે.

## દરોડા પડાયા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની પાસેથી આખા નેટવર્કની જાણકારી મેળવી છે. એનસીબીના સૂત્રોએ પહેલા જ એવી માહિતી આપી દીધી હતી કે આ મામલે મોટા માથાંઓનાં નામ સામે આવી શકે છે અને વધુ ધરપકડ થઈ શકે છે. એનસીબીની આ મામલે ડ્રગ પેડલર ઝૈદ વિલાત્રા અને અબ્દેલ બાસિત પરિહારે એનસીબીના અધિકારીઓને ડ્રગ આખા નેટવર્ક વિશે જાણકારી આપી હતી, જે બાદમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. મુંબઈમાં જે દરોડાંની કાર્યવાહી કરવામાં આવી રહી છે તે ધરપકડ કરવામાં આવેલા ડ્રગ ડીલર અનુજ કેશવાનીની બાતમી બાદ કરવામાં આવી છે. જે છ જગ્યા પર દરોડાની કાર્યવાહી ચાલી રહી છે તેમાંથી મોટાભાગના ડ્રગ પેડલર છે. આ મામલે અત્યાર સુધી બે લોકોની ધરપકડ કરી દેવામાં આવી છે. અનુજ કેશવાનીની ધરપકડ રિયાનું ડગ કનેક્શન બહાર આવ્યું ત્યારે કરી લેવામાં આવી હતી. અનુજે પૂછપરછ દરમિયાન અનેક નામ આપ્યા છે. અનુજની ધરપકડ કૈઝાન ઈબ્રાહિમે આપેલી બાતમી બાત કરવામાં આવી હતી. નોંધનીય છે કે ૨૩ વર્ષના અબ્દેલ બાસિત પરિહાર અને ૨૧ વર્ષના આરોપી ઝૈદ વિલાત્રાની નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની ટીમે પૂછપરછ કરી હતી.

## ભારતને સોંપ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રતિનિધિત્વ કરનારા કિરણ રિજ્જુએ ટ્વિટ કરીને આ વાતની જાણારી આપી છે. કોવિડ-૧૯ના પ્રોટોકોલ અનુસાર પાંચેય યુવક ૧૪ દિવસ સુધી ક્વોરન્ટાઈન રહેશે. જણાવવામાં આવી રહ્યું હતું કે, યુવક ઉપર સુવાનસિરી જિલ્લામાં ૪ સપ્ટેમ્બરના રોજ ભુલથી એલએસી ઉપર ચાલ્યા ગયા હતાં. જે યુવકોને સોંપવામાં આવ્યા હતા. તેનું નામ તોચ સિંગકમ, પ્રસાત રિંગલિંગ, ડોંગ્ટુ ઈબિયા, તનુ બાકર અને નગારૂ ડિરી, આ વર્ષમાં આ બીજી એવી તક છે.

સરહદ પાસેના ગામમાંથી ચીને યુવકોનું અપહરણ કર્યુ હતું. ચીન પર દબાણ થતા યુવકો પોતાની પાસે હોવાનુ સ્વીકાર્યું હતું. પાંચેય યુવકો શિકાર કરવા જંગલમાં ગયા હતા. પાંચેય યુવકોને ચીનની સેના ગશ્તી સેક્ટર સેરા-૭થી લઈ ગયા હતા. રશિયાની રાજધાની મોસ્કોમાં ભારત અને ચીનના વિદેશ મંત્રીઓની બેઠક થઈ હતી. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર અને ચીનના વિદેશ મંત્રીએ આ મુલાકાતમાં બંને દેશોમાં ચાલી રહેલા તણાવ ઉપર વાત કરી હતી. બંને દેશોના વિદેશ મંત્રીઓએ તણાવને પૂર્ણ કરવા મુદ્દે ચર્ચા કરી હતી.

## ખાતમુહૂર્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરનો આ પ્રોજેક્ટ સ્માર્ટસીટી યોજના અંતર્ગત 'અમૃતમ' અંતર્ગત હાથ ધરવામાં આવનાર છે. ૧૭મીએ ખાતમુહૂર્ત નિયત થતાં તંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. બે દિવસ પહેલાં જ ગાંધીનગર મનપાના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ વેળાએ કેન્દ્રીય ગૃહમંત્રી વ સાંસદ અમીત શાહે ગાંધીનગરના વિકાસ કામો પુનઃ ગતિ પકડશે તેવા સ્પષ્ટ સંકેત આપ્યા હતા. મળતી વિગતો પ્રમાણે ૨૪ માસમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ૨૦૪૯ માં શહેરની વસ્તી ૬.૭૫ લાખના અંદાજ સાથે આ અંગેનું ટેન્ડર જારી કરવામાં આવ્યુ હતુ. આ પ્રોજેક્ટની સાથે શહેરમાં મીટર પ્રથાથી પેયજળનો પુરવઠો અપાશે.

## પાણીનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજબરોજ વધતી ગટર લાઈનની સમસ્યાનુ નિવારણ પણ ચેલેન્જરૂપ બન્યુ છે. શહેરના સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે આખરી આયોજન કરવામાં આવ્યુ છે. જ્યારે ટેન્ડર પ્રક્રીયા પણ આખરી થયા બાદ આગામી દિવસોમાં કામ પણ શરૂ કરી દેવાશે પરંતુ નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાય ત્યાં સુધી આમ નાગરિકોની ફરિયાદોનો ત્વરિત અંત આવે તે અનિવાર્ય છે. સે-૨૪ માં વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો સ્થાનિકોના રોષનુ કારણ બને છે. સે-૨૪ ના ડબલ ડેકર વિસ્તારમાં બ્લોક નં -૩૫૯ થી ૩૭૨ સુધીના મકાનોમાં ગટરનુ દુષિત પાણી રહીશોના ઘરમાં ઉભરાય છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક રહીશોએ શૌચક્રીયા માટે પણ બહાર ખુલ્લામાં જવાની નોબત આવી છે. સ્થાનિક રહીશો દ્વારા આ અંગે સે-૨૪ ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. ત્યારે ગટરના દુષિત પાણી ઘરમાં ઉભરાતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. સ્થાનિક નાગરિકોની રજુઆતને ધ્યાને લઈને તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ૨૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. દહેગામના ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે ઓતમપુરા ગામેથી ૬૧ વર્ષીય ખેડૂત અને ૨૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

માણસા અર્બનમાંથી આજે એક જ દિવસમાં ૩ કેસ સામે આવ્યા છે. જેમાં એક ૬૦ વર્ષીય મહિલા અને ૨૪ વર્ષના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલના બોરીસણા ગામેથી આજે બે કેસ મળ્યા છે. ખાનગી નોકરી કરતા એક ૩૭ વર્ષીય યુવાન તેમજ વેપાર સાથે સંકળાયેલ એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. જોકે તંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યું છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૮૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૭૨ હાલ એક્ટીવ કેસ છે. જે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૫૬૮ લોકો કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૮૪૮૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

## નવા ૧૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત સે. ૨૯ માંથી જ એક ૪૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં કોરોના માટે સે. ૫ સૌથી વધુ સંવેદનશીલ બની ગયુ છે. આજે આ સેકટરમાંથી એક સાથે ૪ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૫ માંથી એક ૬૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાલીતણાની એસ.બી.આઈ. બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા અને સે. ૫ માં રહેતા ૪૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લા કોચ તરીકે સેવાઓ આપતા અને સે. ૫ માં રહેતા ૪૦ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત અમદાવાદ કોર્પોરેશનમાં શિક્ષિકા તરીકે ફરજો બજાવતી એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સચિવાલયની સલામતિ શાખામાં ફરજો બજાવતા અને સે. ૩૦ માં રહેતા ૨૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની જી.ઈ.બી. કચેરીમાં કામ કરતી અને જી.ઈ.બી. કોલોનીમાં રહેતી એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૪ માંથી એક ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સ્વામિનારાયણ મંદિરના સ્વામીજી પણ કોરોનાની ઝપટે ચડ્યા છે. સે. ૨ ના મંદિરના ૩૨ વર્ષીય સ્વામીનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૨ માં રહી અભ્યાસ કરતા એક ૨૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૮ માં રહેતા એક ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સનફલાવર લેબમાં લેબ ટેકનીશયન તરીકે કામ કરતા અને સે. ૪ માં રહેતા ૨૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકને ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયો છે.

સે. ૧૫ ની એલ.ડી. આર. પી. કોલેજમાં લેબ આસિ. તરીકે નોકરી કરતા અને સે. ૨૭ માં રહેતા ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ટીએનટી સુરત ખાતે નોકરી કરતા અને સે. ૩ માં રહેતા એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર શહેરમાં નોંધાયેલા ૯૯૭ કેસ પૈકી ૭૯૭ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. શહેરમાં આજે પણ ૧૮૦ જેટલા દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં હાલ ૨૨૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે જેમાં ૧૩ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

સૃષ્ટિમાં કોઈ વ્યક્તિ નહી પણ ''શબ્દ'' મહાન છે. અમર છે, શબ્દ જ આપણી ઓળખ બને છે. જીવતે જીવ દરેક લખતા સર્જકો એક સમાન જ છે. જે માન સન્માન છે એ ઉંમર, અનુભવ અને સ્વભાવના છે. શબ્દસર્જન થકી તો સૌ સરખા જ છે. અને સરખા જ હોવા જોઈએ. કોઈ મોટો કોઈ નાનો લેખક નથી. નાના મોટાની સાચી ખબર તો વર્ષો પછી આપણી હયાતિ નહી હોય ત્યારે પડશે. કે કોના શબ્દો જીવે છે અને કોના શબ્દો કાળની ગર્તામાં ખોવાઈ જાય છે. અહી જે હરિફાઈ માનીને જીવે છે તે સાચો સર્જક નથી. અને જે સાચો સર્જક છે તે ક્યારેય સ્પર્ધામાં માનતો નથી. કેમ કે સાહિત્યકારનું સાચું ગૌરવ એનો શબ્દ છે. એમાં નિહીત અર્થ છે. ભાવ છે. દરેક સર્જકનું શરીર નાશવંત છે, એનો શબ્દ જ શાશ્વત છે.

9426060601.india@gmail.com